# પગાર ડેટા સુચના

સુરત જિલ્લાની તમામ ગ્રાન્ટેડ પ્રાથમિક,પ્રાયોગિક પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓનાં માહે:ફેબ્રુઆરી-૨૦૨૦ પેઈડ ઇન માર્ચ-૨૦૨૦નાં પગાર ડેટા નીચે મુજબની તારીખે સ્વીકારવામાં આવશે.જેની ખાસ નોંધ લેશો.

| અ.નં. | શાળા નંબર થી નંબર | તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૧૦૦ | ૨૯/૧/૨૦૨૦ | ૧૧ થી ૪ |
| ૨ | ૧૦૧ થી ૩૦૧ | ૩૦/૧/૨૦૨૦ | ૧૧ થી ૪ |

(૧) પગારના ડેટા પોતાની શાળાના કલાર્ક અથવા આચાર્યશ્રીએ જાતે લઈને આવવાનું રહેશે.

(૨) સદર નાણાંકીય વર્ષમાં ઈન્કમટેક્ષમાં ઘટાડો કરવાનો હોય તો ડેટા પત્રક **R - 3** પત્રકમાં **D – 10** માં બનાવી રજુ કરવાનું રહેશે તથા વધારો કરવાનો હોય તો *R-12* પત્રકમાં *D-10* માં બનાવી રજુ કરવાનું

(૩) જાન્યુઆરી –૨૦૨૦ના માસનું ઓનલાઈન પગારબીલ કાઢી તેમાં કોઈ સુધારો વધારો હોય તો તેની ચકાસણી કરી પગાર ના ડેટા સુધારીને રજુ કરવાના રહેશે.જેની નોંધ લેશો.

(૪) સદર માસમાં ઉપરોકત તારીખે પગાર ડેટા,નિવૃત્ત કર્મચારીઓના સાતમાં પગાર પંચનો બીજા હપ્તાનું મેન્યુઅલ બીલ, તથા આપની કક્ષાએથી અત્રેની કચેરીએ રજુ કરવાના રજા રોકડ રૂપાંતર,પગાર તફાવત,એલ.ટી.સી. તથા અન્ય તફાવત મેન્યુઅલ બીલો રજુ કરવાના રહેશે.જેની નોંધ લેશો.

હિસાબી અધિકારી( વર્ગ-૨ )
જિલ્લા શિક્ષણાધિકારી વતી
સુરત જિલ્લો,સુરત.

તારીખ:-૨૩/૧/૨૦૨૦
સ્થળ:-સુરત

Scanned by CamScanner

જા.નં: પગાર/7thPay/તફાવત બીલ/બીજો હપ્તો/૨૦૧૯-૨૦/ 1090

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨,
એ-બ્લોક,ત્રીજો માળ,
અઠવાલાઈન્સ,સુરત.
તા.૨૩/૧/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી/આચાર્યાશ્રી,
સુરત જિલ્લાની અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. તથા
અનુદાનીત પ્રાથમિક શાળા તરફ

**વિષય:**-સાતમાં કેન્દ્રીય પગારપંચ મુજબ સુધારેલ પગારધોરણ મુજબ નિવૃત્ત/સ્વૈચ્છિક નિવૃત્ત / મુત્યુ પામેલ કર્મચારીઓના સાતમાં પગાર પંચના **બીજા હપ્તાના** તફાવતની રકમનું મેન્યુઅલ બીલ બનાવી રજુ કરવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે,બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને સાતમાં કેન્દ્રીય પગારપંચના સુધારેલ પગારધોરણ મુજબ તા.૧/૧/૨૦૧૬ થી ૩૧/૭/૨૦૧૭ ના સમયગાળાના સાતમાં પગારપંચ મુજબ પગાર તફાવતની રકમને પાંચ સરખા વાર્ષિક હપ્તા પૈકી બીજા હપ્તાની ચુકવણી કરવા ઠરાવેલ છે.

આપની શાળાના નિવૃત્ત / સ્વૈચ્છિક નિવૃત્ત / મુત્યુ પામેલ કર્મચારીઓના સાતમાં પગાર પંચ કર્મચારીના પગાર તફાવતની કુલ રકમને પાંચ સરખા ભાગ કરી બીજા હપ્તામાં કેટલી રકમ મળવાપાત્ર થાય છે. તે રકમનું મેન્યુઅલ (ગ્રીન)બીલ **માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગનું બીલ અલગ-અલગ બનાવી રજુ કરવાનું રહેશે.** નીચે દર્શાવેલ સાધનિક આધારો સાથે નીચે જણાવેલ તારીખે અને સમયે અત્રેની કચેરીના પગાર શાખામાં રજુ કરવાનું રહેશે. સમય મર્યાદા બાદ બીલો સ્વીકારવામાંઆવશે નહી. સમય મર્યાદામાં બીલ રજુ કરવામાં નહી આવે અને નિંવૃત્ત કર્મચારીઓ સદર લાભથી વંચિત રહી જશે તો તેની સઘળી જવાબદારી આચાર્યશ્રીની રહેશે.જેની ખાસ નોંધ લેશો.

## સાતમાં પગારપંચના બીજો હપ્તા તફાવતના બીલ સાથે રજુ કરવાના આધારો.

(૧)કર્મચારી/આશ્રિતની બીજા હપ્તા માટેની અરજી,(૨) સાતમાં પગારપંચનો પગાર તફાવત ગણતરી પત્રક (અત્રેના પગાર શાખામાંથી આપેલ ગણતરી પત્રક તથા આપની શાળામાંથી ગણતરી કરેલ ગણતરી પત્રક બન્ને રજુ કરવાના રહેશે.), (૩) નિવૃત્તિનો આધાર (ડી. પી. પી. એફ.નો પેન્શન મંજુરી પત્ર), (૪) જાન્યુઆરી-૨૦૧૬ તથા જુલાઈ-૨૦૧૭ના પગાર બીલની પ્રમાણિત નકલ,(૫) કર્મચારીનો બાંહેંધરી પત્ર, (૬) એનેક્ષરની ઓનલાઈન ફીકસેશનની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહીવાળી નકલ પ્રમાણિત કરેલ,(૭) સદર સમયગાળા(૧૯માસ) દરમ્યાન બઢતી/ઉચ્ચતર પગારધોરણના લીધે પગારમાં ફેરફાર થતો હોય તેનો આધારની પ્રમાણિત નકલ રજુ કરવી,(૮) બીલમાં કર્મચારીના નામની નીચે હોદ્દો,જન્મ તારીખ, વય નિવૃત્તિની તથા સત્રાંત તારીખ દર્શાવવાની રહેશે.

Scanned by CamScanner

# બીલમાં આપવાના પ્રમાણપત્રો

(૧) અમારી શાળાનાં મા.વિ / ઉ.મા.વિ.નાં શ્રી /શ્રીમતી.................................................................વય નિવૃત્તિ / સ્વૈચ્છિક નિવૃત્તિનાં કારણે તા.......................નાં રોજ શાળા સમય બાદ /સમય પહેલા વયનિવૃત્ત /સ્વૈચ્છિક નિવૃત્ત થયેલ છે.સદરે કર્મ.નાં તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૭/૨૦૧૭ સુધીના સાતમાં પગાર પંચ મુજબ કુલ ગણતરીના રૂા.__________ને પાંચ સરખા ભાગે ગણતરી કરતાં બીજો હપ્તો રૂા.________અંકે રૂપિયા ______________________પુરા મળવાપાત્ર થાય છે. જે મુજબ બીલ બનાવી રજુ કરવામાં આવેલ છે.

(૨) આ દાવો આ અગાઉ આકારવામાં કે ચુકવવામાં આવેલ નથી જેની શાળા રેકર્ડ ઉપરથી ખાત્રી કરવામાં આવેલ છે.

(૩) આચાર્યશ્રીનું બીલ હોઇ, પ્રમુખ /મંત્રીશ્રીની તમામ જગ્યાએ સહિ/ સિકકા કરવામાં આવેલ છે.

(૪) નીચે દર્શાવેલ તારીખ મુજબ જે તે શાળાએ પગાર બીલ સાથે એરીયર્સ બિલ રજુ કરવાના રહેશે.

| અ.નં. | શાળા નંબર થી નંબર | તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૧૦૦ | ૨૯/૧/૨૦૨૦ | ૧૧ થી ૪ |
| ૨ | ૧૦૧ થી ૩૦૧ | ૩૦/૧/૨૦૨૦ | ૧૧ થી ૪ |

ઉપરોકત દર્શાવેલ શાળાઓએ જણાવેલ તારીખે અને સમયે સાતમાં પગારપંચના પગારના બીજા હપ્તાના તફાવતના બીલો રજુ કરવાના રહેશે.અને જેઓના સાતમાં પગાર પંચના પગારના બીજા હપ્તાના તફાવતના બીલો બાકી ન હોય તો તેઓએ ઉપરોકત દર્શાવેલ તારીખે આવી એરીયર્સ બીલો બાકી નથી તેનું પ્રમાણપત્ર અચુક પણે આપી જવાનું રહેશે.

ઉપરોકત તારીખો બાદ આવેલ સાતમાં પગારપંચના પગારના બીજા હપ્તાના તફાવતના બીલો અત્રેની કચેરીએથી સ્વીકારવામાં આવશે નહી. નિવૃત્ત કર્મચારી સાતમાં પગારપંચના પગારના બીજા હપ્તાના તફાવતના લાભથી વંચિત રહી જશે તો તેની સઘળી જવાબદારી આચાર્યશ્રીની રહેશે. જેની ખાસ નોંધ લેશો.

**ઉપરોકત માહે ફેબ્રુઆરી-૨૦૨૦ના પગાર ડેટા તથા સાતમાં પગારપંચના બીજા હપ્તાના બીલો સાથે આપની કક્ષાએથી રજુ કરવાના બીલો જેવા કે, રજા રોકડ રૂપાંતર, પગાર તફાવત, એલ.ટી.સી. તથા અન્ય તફાવતના બીલો બનાવી રજુ કરી દેવાના રહેશે. ત્યારબાદ રજુ કરેલ બીલો અત્રે કચેરીએ સ્વીકારવામાં આવશે નહીં. જેની નોંધ લેશો.**

હિસાબી અધિકારી(વર્ગ-૨)
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
સુરત જિલ્લો,સુરત

Scanned by CamScanner